### તિથિ અને સંવત્સરિને લગતા મતભેદ વિષે શ્રીમદ્ રાજચંદ્ર

થોડા સમય પહેલાં પુંજાભાઇ ગ્રંથમાળા તરફથી પ્રગટ થયેલ અને શ્રી. ગોપાળદાસ જીવાભાઇએ સંપાદિત કરેલ શ્રી. રાજચંદ્ર એ નામનું પુસ્તક જોવામાં આવ્યું. તેમાંથી ઉપરના પ્રશ્ન ઉપર શ્રીમદ્ રાજચંદ્રે પ્રગટ કરેલા કેટલાક મનનીય વિચારો ઉપયોગી લાગવાથી અહિં અવતરિત કરવામાં આવે છે. તેઓ જણાવે છે કેઃ–

“ આ બાબતમાં હિતકારી શું છે તે સમજવું જોઇએ. આઠમની તકરાર તિથિ અર્થે કરવી નહિ; પણ લીલોતરીના રક્ષણ અર્થે તિથિ પાળવી. લીલોતરીના રક્ષણ અર્થે આઠમાદિ તિથિ કહી છે. કાંઇ તિથિને અર્થે આઠમાદિ કહી નથી. માટે આઠમાદિ તિથિનો કદાગ્રહ મટાડવો: જે કાંઇ કહ્યું છે, તે કદાગ્રહ કરવાને કહ્યું નથી. આત્માની શુદ્ધિથી જેટલું કરશો તેટલું હિતકારી છે. અશુદ્ધિથી કરશો તેટલું અહિતકારી છે. માટે શુદ્ધતાપૂર્વક સદ્વ્રત સેવવાં.

“સંવત્સરીના દિવસ સંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે છે, અને બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે છે. આગ્રહ કરનાર બન્ને મિથ્યાત્વી છે. જ્ઞાની પુરુષોએ તિથિની મર્યાદા આત્માર્થે કરી છે. જો ચોક્કસ દિવસ નિશ્ચિત કર્યો ન હોત તો આવશ્યક વિધિઓના નિયમ રહેત નહિ. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો. બાકી તિથિબિથિનો ભેદ મૂકી દેવો. એવી કલ્પના કરવી નહિ; એની ભંગજાળમાં પડવું નહિ.

“કદાગ્રહ મુકાવવા અર્થે તિથિઓ કરી છે; તેને બદલે તે જ દિવસો કદાગ્રહ વધારે છે. તિથિઓનો વાંધો કાઢી તકરાર કરવી એ મોક્ષે જવાનો રસ્તો નથી. કવચિત્ પાંચમનો દિવસ ન પળાયો અને છઠ પાળે અને આત્મામાં કોમળતા હોય તો તે ફળવાન થાય. જેથી ખરેખરૂં પાપ લાગે તે રોકવાનું પોતાના હાથમાં છે;

પોતાથી બને તેવું છે તે તે રોકતો નથી; અને બીજી તિથિ આદિની ભળતી ફીકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધને સ્પર્શનો મોહ રહ્યો છે તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે."

આજના સમાજ ઉપર પ્રતિષ્ટા ધરાવતા આચાર્યો આટલું સાદું સીધું તથ્ય સમજે, સ્વીકારે અને તિથિ અને સંવત્સરિના પ્રશ્નોનું એકત્ર થઇને સાદી બુદ્ધિથી નિરાકરણ કરે અને ભાંગતા સમાજને વધારે ભાંગતો અટકાવે એ જ પ્રાર્થના! એ જ અભ્યર્થના!!

## 'સંવત્સરિના મતભેદનું બહુમતીથી નિરાકરણ કરો'!

આ પ્રશ્ન સંબંધે શ્રી. ચતુરદાસ રાયચંદ શાહ એક પત્રમાં જણાવે છે કે :—

"મારા મત મુજબ તો હાલમાં સંવત્સરી કયા દિવસે ઉજવવી તેની જે ભાંજગડ ચાલી રહી છે તે બાબતમાં સૌથી સારો રસ્તો એ છે કે મુંબઇમાં ગોડીજી દહેરાસરની પેઢી અગર અમદાવાદ ખાતે આણંદજી કલ્યાણજીની પેઢી હીંદભરના દરેક આચાર્યોને લેખિત પુછાવી તેમનો અભિપ્રાય મંગાવી લે અને પછી તેમાં વધુ મતે જે દીવસે સંવત્સરી કરવા માટે અભિપ્રાય આવે એ દીવસ જાહેર કરવો અને તે દીવસ બધાએ માન્ય રાખવો જોઇએ. બધા આચાર્યોએ એ કબુલ રાખવું જોઇએ કે જે દિવસ વધુ મતે સંવત્સરી કરવા માટે નકી થશે તે પ્રમાણે અમો તથા અમારા અનુયાયીઓ, એ દિવસ જરૂર માન્ય રાખીશું. મને લાગે છે કે ઉપર પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવશે તો સંઘમાં શાંતિ રહેશે. બધા એક સાથે હળીમળી આનંદપૂર્વક સંવત્સરી પર્વ ઉજવી શકશે અને જે ઉદ્દેશથી આપણે સંવત્સરી પર્વ ઉજવવાના છીએ તે સાર્થક થશે નહીંતર વિના કારણ વિખવાદ ઉભો રહેશે અને ઘરઘરમાં કજીયા થશે અને સંવત્સરી પર્વ ઉજવવામાં લાભ કરતાં નુકસાન આપણે વધું સહન કરવું પડશે. માટે મારી જૈન આગેવાનોને વિનંતિ છે કે બધા આચાર્યોના મત મેળવવા અને વધુ મતે એક દિવસ સંવત્સરી ઉજવવા માટે પ્રબંધ કરવો. જ્યારે જ્યારે આ પ્રમાણે ક્ષય કે વૃદ્ધિ તિથિ આવે ત્યારે ત્યારે ઉપર મુજબ નિર્ણય કરવાથી કાયમી શાન્તિ થઇ જશે."

આ પત્રમાં શ્રી. ચતુરદાસે વ્યકત કરેલી શુભ ભાવના પ્રશંસનીય છે, પણ તેમણે આ મતભેદ દૂર કરવાને દર્શાવેલો ઉપાય આજના જૈન આચાર્યોના કદાગ્રહી માનસનું અત્યન્ત અજ્ઞાન સૂચવે છે. તેમના ખ્યાલમાં હશે કે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજનો પર્વતિથિઓને લગતો ધાર્મિક વ્યવહાર કંઇ કાળથી એકસરખો ચાલ્યો આવતો હતો અને સૌ કોઇ સાથે મળીને એક સરખા દિવસોએ ધાર્મિક વ્રતનિયમો આચરતા હતા. આ એકરૂપતામાં શ્રી વિજયરામચંદ્ર સૂરિએ સૌથી પહેલું તિથિશુદ્ધિનું તુત ઉભું કર્યું અને ચાલુ પરંપરાથી જુદા માર્ગે ચાલવાની શરૂઆત કરી, તેમની સામે મોરચા માંડયા શ્રી સાગરાનંદ સૂરિએ. અને જૈન સમાજમાં તિથિકલહ વધારે ને વધારે ઉગ્ર સ્વરૂપ પકડતો ગયો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇ આ ઝગડો મીટાવવાના કેવળ શુભ હેતુથી વચ્ચે પડયા અને આ બન્ને ધુરંધર આચાર્યોએ તેમની લવાદી સ્વીકારી. તેમણે પૂનાવાળા અધ્યાપક શ્રી. વૈદ્યની મદદ વડે અત્યન્ત વિદ્વત્તાપૂર્ણ ચુકાદો તૈયાર કર્યો અને જાહેર જનતા સમક્ષ રજુ કર્યો. આ ચુકાદો જેમને અનુકુળ હતો તેમણે વધાવી લીધો. જેમને પ્રતિકુળ હતો તેમણે લવાદીમાંથી પીછેહઠ કરી અને ચુકાદો ઘડનાર વિદ્વાન અધ્યાપક સામે કંઇ કંઇ પ્રકારના આક્ષેપો કર્યા. આનો સાર એ નીકળે છે કે આજના આચાર્યોને પોતાના મન્તવ્યો વિષે પાર વિનાનું મમત્વ છે અને એ કારણે જૈન સમુદાયમાં ભાગલા પડે અને આખો સમાજ છિન્નભિન્ન થઇ જાય તેની તેમને કશી જ પડી નથી. તેઓ આ કે અન્ય બાબતેમાં કોઇની લવાદીને કે બહુમતિ નિર્ણયને સ્વીકારવાને બીલકુલ તૈયાર જ નથી. પ્રસ્તુત સંવત્સરિના પ્રશ્નમાં પણ શરૂઆતમાં એક પક્ષે જાતીના પાંચ છ આચાર્યો હતા; બીજી બાજુએ શરૂઆતમાં શ્રી. સાગરાનંદ સૂરિ એકલા જ હતા. એમ છતાં પણ આવી બાબતમાં સામુદાયિક આચારભેદ ન જ થવો જોઇએ—આટલી કોઇ પણ સામાન્ય બુદ્ધિને સહજ સુઝે તેવી બાબતનો સ્વીકાર કરીને પોતાના મતનો આગ્રહ છોડવાનું તેમને સુઝયું જ નહિ. અને એમ સુઝે અને બધા સાથે એકરૂપ બને તો તે સાગરાનંદ સૂરિ જ નહિ.

આ આખા ઝગડાનો ત્યારે જ નીકાલ આવે કે જ્યારે આવી ધાર્મિક આચારવ્યવહારને લગતી બાબતોમાં પર્વતિથિની શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલને ગૌણ કરવામાં આવે અને એક યા બીજે દિવસે પણ ધાર્મિક આચાર નિયમોનું અનુપાલન સમગ્ર સમુદાયે સાથે મળીને જ કરવું જોઇએ એ મુદ્દાના મહત્વને પ્રાધાન્ય આપવામાં આવે. કારણ કે તિથિશુધ્ધિના શાસ્ત્રાર્થનો બન્ને પક્ષને માન્ય થાય એવો કોઇ કોઇ કાળે છેડો આવવાનો જ નથી. પણ આવી સંઘબુધ્ધિ આજના શબ્દપંડિત જૈન આચાર્યોમાં ઉદ્ભવવાની આશા બહુ જ ઓછી છે. પરસ્પર અથડામણો વડે ક્ષીણપ્રાણ બનવું એ જ જૈન સમાજનું ભાવી દેખાય છે!

## નવા જૈન જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટોને અભિનન્દન

તાજેતારમાં મુંબઇ પ્રાન્તની સરકાર તરફથી એક યાદી બહાર પડી છે જેના પરિણામે જુના સર્વ જે. પી.ઓને તેમ જ ઓનરરી મેજીસ્ટ્રેટોને એ પદ અને તેને લગતા અધિકારોથી મુક્ત કરવામાં આવ્યા છે અને મુંબઇ અને બૃહદ્ મુંબઇ પુરતી નવા જે. પી. અને ઓનરરી મેજીસ્ટ્રેટોની એક લાંબી યાદી બહાર પાડવામાં આવી છે. આ યાદીમાં ૩૧ જૈનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંથી બે બંધુઓ **શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ** અને **શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી** મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય છે અને **શ્રી. મણિબહેન ચંદુલાલ નાણાવટી, શ્રી કકલભાઇ ભુદરદાસ વકીલ, શ્રી. શાન્તિલાલ હીરાલાલ શાહ શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ** અને **શ્રી. લખમશી ઘેલાભાઇ** મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો છે. આ કારણે તે સાતે સભ્યોને મુંબઇ જૈન યુવક સંઘના હાર્દિક અભિનન્દન છે. આ ઉપરાંત **શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ, શ્રી. સુલોચના બહેન મોદી** તથા **શ્રી. લીલાવતી બહેન બેંકર** એમ ત્રણ જૈન બહેનોને પણ આ નવા પદવીપ્રદાનથી નવાજવામાં આવેલ છે. આ ઉપરાંત બીજા જૈન જે. પી. તથા ઓનરરી મેજીસ્ટ્રેટોની યાદી નીચે મુજબ છે.

સર મણિલાલ બાલાભાઇ નાણાવટી
,, ચુનીલાલ ભાઇચંદ મહેતા
શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ
,, ચંદુલાલ ટી. શાહ
,, વાડીલાલ ચત્રભુજ ગાંધી
,, મોહનલાલ તારાચંદ શાહ
,, માધવલાલ હીરાલાલ શાહ
,, શામજી કરમસી
,, મનમોહન પી. ગાંધી
,, દામજી રતનશી ખોના
,, ખીમજી માંડણ ભૂજપુરીઆ
,, પ્રસન્નમુખ સુરચંદ બદામી
,, ધીરજલાલ નેમચંદ શ્રોફ
,, નવનીતલાલ બી, ઝવેરી
,, સોમેશચંદ્ર મણિલાલ નાણાવટી
,, રતિલાલ છોટાલાલ મોદી
,, મુલજી દુર્લભદાસ
,, વેલજી લખમશી નપ્પુ
,, ગંભીરચંદ ઉમેદચંદ
,, ભવાનજી અરજણ ખીમજી
,, બી. એન. મહેશ્વરી
,, ટોકરશી જીવરાજ ખીમજી

આ સર્વે ભાઇઓ તથા બહેનો પોતાને મળેલા વિશિષ્ટ અધિકારો વડે નાત જાત કે ધર્મ સંપ્રદાયના ભેદભાવ સિવાય સમગ્ર જનસમાજની સેવા કરવા સદા તત્પર રહેશે અને એ રીતે જૈન સમાજનું ગારવ વધારશે એ આશા સાથે તેમનું અભિનન્દન કરવામાં આવે છે.